| સુરત મહાનગરપાલિકા | પ્રોગ્રામ ઓફિસર- આઈ.સી.ડી.એસ. શાખા<br>દિલ્હી ગેટ પોલિસ ચોકીની ઉપર સુરત | I.C.D.S<br>આઇ.સી.ડી.એસ. |
|---|---|---|

प्रति,

.........................................

વિષય:- સુરત મહાનગરપાલિકા સંચાલિત આઇ.સી.ડી.એસ. ઘટક ૧ થી ૯ માં કુલ ૧૦૯૩ આંગણવાડી કેન્દ્રો + સુરત જિલ્લામાંથી આવેલ ૧૦૧ આંગણવાડી આવતા જો નવું ઘટક ઉભું થાય તો તે મળી ૩ થી ૬ વર્ષના આશરે ૨૯,૭૯૫(+/- ૧૦%) બાળકોને માટે સવારનો ગરમ નાસ્તો પુરો પાડવા વિવિધ સંસ્થા પાસેથી સમ્મતિ પત્રક મંગાવવા બાબત.

સુરત મહાનગરપાલિકા સંચાલિત આઇ.સી.ડી.એસ. ઘટક ૧ થી ૯ માં કુલ ૧૦૯૩ આંગણવાડી કેન્દ્રો + સુરત જિલ્લામાંથી આવેલ ૧૦૧ આંગણવાડીઓ કાર્યરત છે. અને જિલ્લાની આંગણવાડીઓનો સમાવેશ થયા બાદ નવું ઘટક ઉભું થાય તો તે મુજબ મહિલા અને બાળ વિકાસ વિભાગ-ગાંધીનગરના આદેશ મુજબ ૩ થી ૬ વર્ષનાં ૨૯,૭૯૫(+/- ૧૦%) બાળકોને સવારના ગરમ નાસ્તા આપવા માટે ગાંધીનગરના પરીપત્ર મુજબની માહિતી નીચે મુજબ છે.

૧). સુરત શહેરની કુલ ૧૦૯૩ આંગણવાડી કેન્દ્રો + સુરત જિલ્લામાંથી આવેલ ૧૦૧ આંગણવાડી કેંદ્રો આવતા નવું ઘટક ઉભું થાય તો તે મુજબ ૩ થી ૬ વર્ષના હાલમાં કુલ ૨૯,૭૯૫ (+/- ૧૦%) બાળકો અને ભવિષ્યમાં બાળકોની સંખ્યામાં વધારો/ઘટાડો થાય તે મંજુર રાખવાની શરતે સવારના મળતા પોષ્ટિક આહારમાં આવરી લેવાની રહે છે.

૨). બાળક દિઠ સવારના નાસ્તા માટે રૂ.૧.૩૦ ખર્ચ(દળામણ, વાહતુક, લીલા શાકભાજી, મસાલા અને ગોળ ૦.૮૦+તલ/ સીંગદાણા ૦.૫૦) પ્રતિ બાળકનો ખર્ચ તેમજ વધારાનો બળતણ ખર્ચ રૂ. ૦.૨૦ મંજુર કરવામાં આવેલ છે.

3) આહાર માટે મહિલા અને બાળ વિકાસ વિભાગ-ગાંધીનગર તરફથી તેલ, ચોખા, મીઠું અને ફોરટીફાઇડ આટો આપવામાં આવે છે. જયારે ઈજારદારે ચણા/તુવેર દાળ મસાલા, ગોળ શાકભાજી, દળામણ તથા ટ્રાન્સપોર્ટેશનનો ચાર્જ ભોગવવાનો રહે છે. જે માટે મહિલા અને બાળ વિકાસ વિભાગ-ગાંધીનગર તમામ ખર્ચ માટે બાળક દિઠ દૈનિક રૂ.૧.૫૦ આપવામાં આવે છે.

૪) આંગણવાડી કેન્દ્રો પર મહિલા અને બાળવિકાસ વિભાગના પત્ર મુજબનુ સાપ્તાહિક મેનુ પ્રમાણે સોમવાર થી શનિવાર સુધી જુદું જુદું મેનુ નિયત માત્રામાં તૈયાર કરી લાભાર્થીઓને પુરૂ પાડવાનું નિયત કરવામાં આવેલ છે.

**(પરિશિષ્ટ-૧) સવારના ગરમ નાસ્તાનું મેનુ**

**(વાનગી માટે કાચી ખાધ્ય સામગ્રી:૪૦-૫૦ ગ્રામ)**

| ક્રમ | દિવસ | સવારનો ગરમ પુરક પોષણ આહાર | પ્રતિ લાભાર્થી પ્રતિ દિવસ ખાધ્ય સામગ્રીનુ પ્રમાણ(ગ્રામ) | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | ઘઉં | ચોખા | તેલ | તલ/સીંગદાણા | ગોળ |
| ૧ | સોમવાર | સુખડી | ૩૦ | ૦ | ૫ | ૫ | ૧૦ |
| ૨ | મંગળવાર | વેજીટેબલ પુલાવ(શાક ૧૦ ગ્રામ બાળક દિઠ માત્રા મુજબ) | ૦ | ૩૦ | ૫ | ૫ | ૦ |
| ૩ | બુધવાર | શીરો | ૩૦ | ૦ | ૫ | ૫ | ૧૦ |
| ૪ | ગુરૂવાર | લીલી ભાજીના વઘારેલા મુઠીયા(શાક ૧૦ ગ્રામ બાળક દિઠ માત્રા મુજબ) | ૩૦ | ૦ | ૫ | ૫ | ૦ |
| ૫ | શુક્રવાર | શીરો/સુખડી | ૩૦ | ૦ | ૫ | ૫ | ૧૦ |
| ૬ | શનિવાર | ફાડા લાપસી/ગળ્યા પુડલા/તીખી ભાખરી | ૩૦ | ૦ | ૫ | ૫ | ૧૦ |

Scanned with CamScanner

૫) સરકારશ્રીના ભાવ મુજબ થવા પાત્ર સવારના નાસ્તાના ખર્ચની વિગત સરકારશ્રી દ્વારા અનાજનો જથ્થો પુરો પાડવામાં આવે તે મુજબની ગણતરી કરતા એક વર્ષના ૩૦૦ દિવસ મુજબ ૩ થી ૬ વર્ષના અંદાજીત ૨૯,૭૯૫ (+/- ૧૦%) બાળકોને નાસ્તો બનાવવાનો **ખર્ચો રૂ.૧.૫૦/- લેખે રૂ.૧,૩૪,૦૭,૭૫૦/-** થાય છે.

૬) ઉપરોક્ત તમામ શરતો ઉપરાંત બાળકોને પહોંચાડવા જોગ સવારના ગરમ નાસ્તા બાબતે કોઈ ફરિયાદ કે ખામી જણાય આવે તો આપની સંસ્થાને આપવામાં આવેલ સદર કામગીરી બંધ કરવા માટે સુરત મહાનગરપાલિકા પોતાનો હક અબાધિત રાખે છે.

૭) આંગણવાડી દીઠ બાળકોની સંખ્યા મુજબ તેઓને ગરમ નાસ્તો મળી રહે તે અંગે તમારા દ્વારા કઈ સુવિધા પૂરી પાડવામાં આવશે તે તમારી લેખિત સંમતિમાં જણાવવાનું રહેશે.

૮) સંમતિ દર્શાવનાર સંસ્થાએ રજુ કરવા જોગ પુરાવા નીચે મુજબના છે.

- સંસ્થાના રજીસ્ટ્રેશન બાબતના પુરાવાઓ.
- સંસ્થાના ફૂડ સેફ્ટી લાયસન્સના પુરાવાઓ.
- આપની સંસ્થા દ્વારા આપવામાં આવતા નાસ્તાથી બાળકોને ફૂડ પોઈઝન કે આડઅસર ના થાય તે બાબતની બાહેધરી પત્રક રજુ કરવુ.
- ટેન્ડર રકમના ૧% ઈ.એમ.ડી (EMD) રૂપિયા ૧,૩૪,૦૭૮.૦૦ "Commissioner, Surat Municipal Corporation, Surat" ના નામે ડીમાન્ડ ડ્રાફ્ટ પ્રોગ્રામ ઓફીસરની કચેરી,બીજો માળ દિલ્હીગેટ પોલીસ ચોકીની ઉપર, પીન કોડ નંબર ૩૯૫૦૦૩ કચેરીમાં રજુ કરવાની રહેશે.
- સદર કામગીરી બાબતના અનુભવનું પ્રમાણપત્ર.

ઉક્ત તમામ વિગતો ધ્યાને લઈ જો કોઈ સંસ્થા સદર કામગીરી સ્વીકારવા માંગતી હોય, તેઓ તાકીદે દિન-૮ માં તા.૨૭/૦૩/૨૦૨૫ થી તા.૦૧/૦૪/૨૦૨૫ ના રોજ સાંજે ૫:૦૦ વાગ્યા સુધીમાં લેખિત સંમતિ સંસ્થાના લેટરપેડ ઉપર મોકલવાની રહેશે તથા જણાવેલ પુરાવા સહિતની માહિતી નીચે સહી કરનારને બંધ કવરમાં મોકલવાની રહેશે.

Gandhi 3/26

પ્રોગ્રામ ઓફિસર
આઈ.સી.ડી.એસ.

Scanned with CamScanner